# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-01-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

******************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું, ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે
2. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની જાહેરાત-ભારતને આવતા વર્ષે 15 ઓગસ્ટે પહેલી બુલેટ ટ્રેન મળશે
3. સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન DRDO દ્વારા વિકસિત શસ્ત્રોની ભૂમિકા નિર્ણાયક રહી
4. BSNL એ દેશવ્યાપી વાઇ-ફાઇ કોલિંગ સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી.
5. રશિયાના નિયંત્રણ હેઠળના ખેરસન ક્ષેત્રમાં યુક્રેનના ડ્રોન હુમલામાં 24 લોકોના મોત

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## EVE. PREZ - SOAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું, ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે, અને કૃત્રિમ બુદ્ધિમત્તા-AI ભારતીય અર્થતંત્ર માટે વૃદ્ધિના ચાલક તરીકે ઉભરી રહ્યું છે.

આજે રાષ્ટ્રપતિ ભવનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા તત્પરતા કુશળતા-SOAR હેઠળ એક વિશેષ કાર્યક્રમને સંબોધતા સુશ્રી મુર્મુએ આ મુજબ જણાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, તેમણે કહ્યું કે AI માત્ર એક ટેકનોલોજી નથી પરંતુ ભારતમાં સકારાત્મક પરિવર્તનની તક છે. તેમણે ભાર મૂક્યો હતો કે આગામી દાયકામાં AI દેશના GDP, રોજગાર અને એકંદર ઉત્પાદકતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

(બાઇટ : PRESIDENT-ON-AI-GDP)

----------

## BULLET TRAIN

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું, ભારતને 15 ઓગસ્ટ, 2027 ના રોજ પહેલી બુલેટ ટ્રેન મળશે. નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા તેમણે ઉમેર્યું પ્રથમ તબક્કામાં સુરત અને બીલીમોરા વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડશે.

( બાઇટ : અશ્વિની વૈષ્ણવ, બુલેટ ટ્રેન )

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મુંબઈ અને અમદાવાદ વચ્ચે 508 કિલોમીટરનો છે. જેમાંથી 352 કિલોમીટર ગુજરાત અને દાદરા અને નગર હવેલીમાં અને 156 કિલોમીટર મહારાષ્ટ્રમાં આવેલો છે. આ કોરિડોર અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, થાણે અને મુંબઈ જેવા મુખ્ય શહેરોને જોડશે.

----------

## VAISHNAW-VANDE BHARAT

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી છે કે દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન ટૂંક સમયમાં ગુવાહાટી અને કોલકાતા વચ્ચે દોડશે.

આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 15 થી 20 દિવસમાં આ ટ્રેનનું ઉદ્ઘાટન કરશે. તેમણે કહ્યું કે, ભારતીય રેલવેએ સ્વદેશી રીતે ડિઝાઇન અને ઉત્પાદિત વંદે ભારત સ્લીપર ટ્રેનનું અંતિમ હાઇ-સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. તેમણે કહ્યું કે 16 ડબ્બાવાળી સ્લીપર ટ્રેન એક હજારથી એક હજાર પાંચસો કિલોમીટર સુધીની લાંબા અંતરની મુસાફરીને પૂર્ણ કરવા માટે વિકસાવાઇ છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, આ ટ્રેન અત્યાધુનિક મુસાફરોની સુવિધાઓથી સજ્જ છે, જેમાં આરામદાયક સ્લીપર બર્થ, ઓટોમેટિક દરવાજા અને આધુનિક શૌચાલયનો સમાવેશ થાય છે.

(બાઇટ : ASHWINI-VAISHNAV)

----------

## RAJNATH - DRDO DAY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન DRDO દ્વારા વિકસિત શસ્ત્રો દ્વારા ભજવવામાં આવેલી નિર્ણાયક ભૂમિકા, રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટેની સંસ્થાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આજે નવી દિલ્હીમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન-DRDOના 68મા સ્થાપના દિવસ નિમિત્તે DRDO મુખ્યાલયની મુલાકાત દરમિયાન, શ્રી સિંઘે સશસ્ત્ર દળોને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કરીને ભારતની સ્વદેશી ક્ષમતાઓને મજબૂત બનાવવા બદલ DRDOની પ્રશંસા કરી.

શ્રી સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ સુદર્શન ચક્રના નિર્માણમાં DRDO મહત્વની ભૂમિકા ભજવશે. આ પહેલ હેઠળ, DRDO આગામી દાયકામાં સંપૂર્ણ હવાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ સ્થાપનોને હવાઈ સંરક્ષણ પ્રણાલીથી સજ્જ કરવા માટે જવાબદાર છે.

----------

## RAJNATH - DRDO DAY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન DRDO દ્વારા વિકસિત શસ્ત્રો દ્વારા ભજવવામાં આવેલી નિર્ણાયક ભૂમિકા, રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટેની સંસ્થાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આજે નવી દિલ્હીમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન-DRDOના 68મા સ્થાપના દિવસ નિમિત્તે DRDO મુખ્યાલયની મુલાકાત દરમિયાન, શ્રી સિંઘે સશસ્ત્ર દળોને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કરીને ભારતની સ્વદેશી ક્ષમતાઓને મજબૂત બનાવવા બદલ DRDOની પ્રશંસા કરી.

શ્રી સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ સુદર્શન ચક્રના નિર્માણમાં DRDO મહત્વની ભૂમિકા ભજવશે. આ પહેલ હેઠળ, DRDO આગામી દાયકામાં સંપૂર્ણ હવાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ સ્થાપનોને હવાઈ સંરક્ષણ પ્રણાલીથી સજ્જ કરવા માટે જવાબદાર છે.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## BSNL-VO WIFI

ભારત સંચાર નિગમ લિમિટેડ-BSNL એ આજે દેશવ્યાપી વોઇસ ઓવર વાઇફાઇ એટલે કે વાઇ-ફાઇ કોલિંગ સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી. સંચાર મંત્રાલયે જણાવ્યું કે, આ સેવા હવે દેશના દરેક ટેલિકોમ વર્તુળમાં તમામ BSNL ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે, જે પડકારજનક વાતાવરણમાં સીમલેસ અને ઉચ્ચ-ગુણવત્તાવાળી કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે. તેમાં કહેવામાં આવ્યું છે કે VoWiFi ગ્રાહકોને વાઇ-ફાઇ નેટવર્ક પર વોઇસ કોલ અને મેસેજ મોકલવા અને પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે છે, જે ઘરો, ઓફિસો, ભોંયરાઓ અને દૂરસ્થ સ્થાનો સહિત નબળા મોબાઇલ સિગ્નલવાળા વિસ્તારોમાં સ્પષ્ટ અને વિશ્વસનીય કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સેવા ખાસ કરીને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં ફાયદાકારક છે.

----------

## IND PAK NUCLEAR LIST

ભારત અને પાકિસ્તાને આજે બંને દેશો વચ્ચે પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ પર હુમલા પરના પ્રતિબંધ અંગેના કરાર હેઠળ આવરી લેવાયેલા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની યાદીનું આદાનપ્રદાન કર્યું.

આ યાદીનું નવી દિલ્હી અને ઇસ્લામાબાદમાં એકસાથે રાજદ્વારી ચેનલો દ્વારા આદાનપ્રદાન કરાયું. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, કરાર મુજબ, બંને દેશો દર વર્ષે 1 જાન્યુઆરીએ પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ વિશે એકબીજાને જાણ કરે છે. આ કરાર પર 31 ડિસેમ્બર 1988 ના રોજ હસ્તાક્ષર કરાયા હતા જે 27 જાન્યુઆરી 1991 ના રોજ અમલમાં આવ્યો હતો. બંને દેશો વચ્ચે આવી યાદીઓનું આ સતત 35મું આદાનપ્રદાન છે.

----------

## UKRAINE DRONE ATTACK

રશિયાના નિયંત્રણ હેઠળના ખેરસન ક્ષેત્રમાં એક કાફે અને હોટલ પર યુક્રેનના ત્રણ ડ્રોનથી હુમલો થતાં 24 લોકો માર્યા ગયા અને 50 થી વધુ ઘાયલ થયા. આ હુમલો ત્યારે થયો હતો જ્યારે લોકો નવા વર્ષની ઉજવણી કરી રહ્યા હતા.

ખેરસનના ગવર્નર વોલોડીમીર સાલ્ડોએ જણાવ્યું હતું કે યુક્રેને એક એવી જગ્યા પર ડ્રોન હુમલો કર્યો હતો જ્યાં નાગરિકો નવા વર્ષની ઉજવણી માટે ભેગા થયા હતા. તેમના જણાવ્યા મુજબ, કાળા સમુદ્રના કિનારે ખોર્લી ગામમાં ત્રણ યુએવી એક કાફે અને એક હોટલ પર હુમલો કર્યો હતો. એક નિવેદનમાં રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે નવા

વર્ષની રાત્રિ દરમિયાન રશિયન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ અનેક પ્રદેશોમાં 168 યુક્રેનિયન ડ્રોનને અટકાવ્યા હતા અને તેનો નાશ કર્યો હતો.

----------

## INDIA PAKISTAN PRISONERS

ભારત અને પાકિસ્તાને આજે રાજદ્વારી માધ્યમો દ્વારા એકબીજાની કસ્ટડીમાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાન-પ્રદાન કર્યું.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતે તેની કસ્ટડીમાં રહેલા 391 નાગરિક કેદીઓ અને 33 માછીમારોની યાદીઓ શેર કરી છે, જે પાકિસ્તાની છે અથવા પાકિસ્તાની હોવાનું માનવામાં આવે છે. જ્યારે, પાકિસ્તાને તેની કસ્ટડીમાં રહેલા 58 નાગરિક કેદીઓ અને 199 માછીમારોની યાદીઓ શેર કરી છે, જે ભારતીય છે અથવા ભારતીય હોવાનું માનવામાં આવે છે.

----------

## VANDE MATARAM-AKASHVANI

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી-CEO ગૌરવ દ્વિવેદીએ આજે નવી દિલ્હીના આકાશવાણી ભવન ખાતે રાષ્ટ્રગીત વંદે માતરમ્ ના બે સંસ્કરણોનો શુભારંભ કર્યો.

આકાશવાણી દ્વારા રજૂ થનારા ગીતના 25 સંગીતમય સંસ્કરણોના પ્રસ્તાવિત સેટમાંથી આ પ્રથમ બે પ્રસ્તુતિઓ છે. વંદે માતરમ્ ની 150મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આ સંસ્કરણો ડિજિટલી રિલીઝ કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી દ્વિવેદીએ જણાવ્યું હતું કે વંદે માતરમ્ ફક્ત સ્વતંત્રતા ચળવળનું ગીત નથી પરંતુ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનું કાયમી પ્રતીક છે. તેમણે ભાર મૂક્યો કે વિવિધ સંગીત શૈલીમાં રજૂ કરાયેલા ગીતના આ વિવિધ સંસ્કરણો દેશના નાગરિકો પર નોંધપાત્ર અસર કરશે અને રાષ્ટ્રની સાંસ્કૃતિક વિવિધતાને મજબૂત બનાવશે.

----------